# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૭/૦૨/૨૦૨૩

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ઉદ્યોગકારોએ એક્ષ્પોર્ટ ઓરિએન્ટેડ ક્વોલિટી પ્રોડકશન ઉપરાંત ટેકિનકલ ટેક્ષ્ટાઇલ અને ગારમેન્ટીંગ ઉપર ફોકસ કરવો પડશે : ભારતના ટેક્ષ્ટાઇલ કમિશનર રૂપ રાશી

## ‘એમએમએફ ટેક્ષ્ટાઇલ્સમાં નિકાસની તકો અને ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સમાં નિકાસની સંભાવના’ વિષે સેમિનાર યોજાયો

**સુરત.** ફિઆસ્વી, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને એસઆરટીઇપીસીના સંયુકત ઉપક્રમે ગુરૂવાર, તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ‘એમએમએફ ટેક્ષ્ટાઇલ્સમાં નિકાસની તકો અને ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સમાં નિકાસની સંભાવના’ વિષય પર સેમિનારનું આયોજન કરાયું હતું. જેમાં ભારતના ટેક્ષ્ટાઇલ કમિશનર રૂપ રાશીએ વિડિયો કોન્ફરન્સથી ઉદ્યોગકારોને એક્ષ્પોર્ટના હેતુથી ક્વોલિટી પ્રોડકશન ઉપર ફોકસ કરવાનું જણાવી એના સંબંધિત માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારમાં વઝીર એડવાઇઝર્સના કો–ફાઉન્ડર એન્ડ જોઈન્ટ મેનેજિંગ ડાયરેકટર પ્રશાંત અગ્રવાલે ઉદ્યોગકારોને ‘એમએમએફ ટેક્ષ્ટાઇલ્સમાં નિકાસની તકો’ તથા ઘેરઝી ઓર્ગેનાઇઝેશન એજી જર્મનીના લીડ કન્સલ્ટન્ટ સૂર્યદેબ મુખર્જીએ ‘ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સમાં નિકાસની સંભાવના’ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ભારતના ટેક્ષ્ટાઇલ કમિશનર રૂપ રાશીએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોએ હવે વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક થવાની દિશામાં પ્રયાસ કરવો પડશે. મેન મેઇડ ફેબ્રિક્સની વિશ્વના જુદા–જુદા દેશોમાં માંગ વધી રહી છે ત્યારે સુરતના ઉદ્યોગકારોને એક્ષ્પોર્ટ કરવાના હેતુથી એમએમએફનું કવોલિટી પ્રોડકશન કરવું પડશે. વિશ્વના ખરીદદારોને ફેબ્રિક્સ માટે કવોલિટી એશ્યોરન્સ જોઇએ છે, આથી તેમણે ઉદ્યોગકારોને પ્રોડકટમાં વેલ્યુ એડીશન કરવા જણાવ્યું હતું. તેમણે ઉદ્યોગકારોને ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સનું ઉત્પાદન કરવા માટે પણ સૂચન કર્યું હતું. તદુપરાંત સુરતની ઇન્ડસ્ટ્રીને ગારમેન્ટીગ તરફ લઇ જવા માટે વાત કરી હતી. એના માટે ઇન્ડસ્ટ્રીને તેમણે એક્ષ્પર્ટ કન્સલ્ટન્ટ્સની મદદ લેવા અનુરોધ કર્યો હતો.

ફિઆસ્વીના ચેરમેન ભરત ગાંધીએ સેમિનારમાં સર્વેને આવકારી જણાવ્યું હતું કે, દેશના આર્થિક વિકાસ માટે ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ ખૂબ જ જરૂરી છે. એના માટે ઉદ્યોગકારોએ કવોલિટી પ્રોડકશન અને તેના થકી એક્ષ્પોર્ટ ઉપર ધ્યાન આપવું પડશે. ટેકિનકલ ટેક્ષ્ટાઇલ પણ ઇન્ડસ્ટ્રીનું ભવિષ્ય છે, આથી સુરતના ઉદ્યોગકારોએ ટેકિનકલ ટેક્ષ્ટાઇલના ઉત્પાદનમાં ઝંપલાવવું પડશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, ચેમ્બરે ઉદ્યોગકારોને ગ્લોબલી પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુથી બાંગ્લાદેશ ખાતે ઇન્ડિયા ટેક્ષ્ટાઇલ ટ્રેડ ફેરનું આયોજન કર્યું હતું. બાંગ્લાદેશમાં કાપડનું ઉત્પાદન થતું નથી તેમ છતાં ત્યાં ગારમેન્ટની ૮ હજારથી વધુ ફેકટરીઓ છે. તેઓ ફેબ્રિકની આયાત કરીને એમાં વેલ્યુ એડ કરી ગારમેન્ટીગ કરે છે અને મોટી માત્રામાં એક્ષ્પોર્ટ કરે છે ત્યારે હવે સુરતના ઉદ્યોગકારોએ એમએમએફના કવોલિટી પ્રોડકશનની સાથે સાથે લેડીઝ વેર અને કીડ્ઝ વેર ગારમેન્ટ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

વધુમાં તેમણે કહયું હતું કે સુરત એ એમએમએફનું હબ છે ત્યારે ગારમેન્ટીગ અને એક્ષ્પોર્ટ જ ઇન્ડસ્ટ્રીનું ભવિષ્ય છે, આથી સુરતથી ગારમેન્ટ એક્ષ્પોર્ટ કરી શકાય એવી ઇકો સિસ્ટમ ઉભી કરવી પડશે. ગારમેન્ટ મેન્યુફેકચરીગ માટે ઉદ્યોગકારોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી થોડા દિવસો પહેલાં જ ચેમ્બર અને સીએમએઆઇ દ્વારા ગારમેન્ટ કોન્કલેવ યોજાઇ હતી. હવે સુરતના યુવા ઉદ્યોગ સાહસિકોને ગારમેન્ટ તરફ ડાયવર્ટ કરવા પ્રોત્સાહિત કરવાની જરૂર છે.

પ્રશાંત અગ્રવાલે જણાવ્યું હતું કે, ઔદ્યોગિક એકમોમાં દરેક એરિયામાં સસ્ટેનેબિલિટી માટે ધ્યાન રાખવું પડશે. વૈશ્વિક માર્કેટમાં એક્ષ્પોર્ટ માટે પ્રોડકટ બનાવવાની હોવાથી અત્યાધુનિક ટેકનોલોજી અને સિસ્ટમ ગોઠવવી પડશે. એમએમએફને પ્રમોટ કરવા માટે ઇકો સિસ્ટમ ઉભી કરવી પડશે. એના માટે સાઉથ કોરીયામાં બનેલી કોરિયન ફેડરેશન ઓફ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ જેવી સંસ્થા ભારતમાં શરૂ કરવી પડશે. જેથી કરીને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, માર્કેટીગ એન્ડ પ્રમોશન સપોર્ટ, માર્કેટ ઇન્ટેલિજન્સ, પ્રોડકટ ડેવલપમેન્ટ એન્ડ કોમર્શલાઇઝ પ્રોડકટ ઇન્વેન્શન કરી શકાય. ગ્લોબલ કંપનીઓની સાથે ટાયઅપ કરવું પડશે. તેમણે કહયું હતું કે, ન્યુ કોસ્ટ સિનારિયા પ્રમાણે આપણે ચાઇનાને પછાડી શકીએ તેમ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, માર્કેટમાં પોલિએસ્ટરની માંગ સૌથી વધારે છે. ફાયબર, યાર્ન, ફેબ્રિક, હોમ ટેક્ષ્ટાઇલ્સ, એપરલ અને ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ બધામાં સિન્થેટિકની માંગ વધી રહી છે. વૈશ્વિક બજારોમાં છેલ્લાં નવ વર્ષમાં એમએમએફનું એક્ષ્પોર્ટ ડબલ થયું છે. સૌથી વધુ ફાળો એમએમએફનો છે ત્યારે ઇન્ડસ્ટ્રીએ ટેકિનકલ

કેપેબિલિટી અને પ્રોડકટ ડેવલપમેન્ટ ઉપર ધ્યાન આપવું પડશે. સુરતને લેડીઝ વેર, કીડ્ઝ વેર, જર્સી, ટ્રાઉઝર્સ બનાવી ગ્લોબલ માર્કેટમાં એના એક્ષ્પોર્ટ માટે વિશાળ તકો છે. જ્યારે ડોમેસ્ટીક માર્કેટમાં શર્ટ, ટ્રાઉઝર્સ અને ડ્રેસ મટિરિયલ્સ માટે તકો છે.

સૂર્યદેબ મુખર્જીએ જણાવ્યું હતું કે, ટેકિનકલ ટેક્ષ્ટાઇલમાં યાર્ન ટાઇપ અને ફેબ્રિક ટાઇપના ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સનું ભવિષ્ય છે. યાર્ન ટાઇપમાં ૮ ટકા, ફેબ્રિક ટાઇપમાં ૭૩ ટકા અને નોન વુવનમાં ૧૯ ટકાનો સમાવેશ થાય છે. ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સનું એરબેગ, સેફટી બેલ્ટ, ટાયર કોડ, સીટ ફેબ્રિકસ, ઓટો એલેસ્ટીકસ વિગેરેમાં ઉપયોગ થાય છે. ખાસ કરીને જીઓ સિન્થેટિક, મેડિકલ ટેક્ષ્ટાઇલ્સ, પ્રોટેકટીવ ટેક્ષ્ટાઇલ્સ અને નોન વુવન્સ પ્રોકડટની માંગ છે. આ દિશામાં ઇન્ડસ્ટ્રીએ આગળ વધવા માટે અને એક્ષ્પોર્ટ માટેનું માર્કેટ કેપ્ચર કરવા માટે ઇન્ટરનેશનલ ઇન્સ્ટીટયુટને પોતાની સાથે એન્ગેજ કરવાની જરૂર છે.

વધુમાં તેમણે ઉદ્યોગકારોને ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સના વિવિધ સેગ્મેન્ટ જેવાં કે એગ્રોટેક, બિલ્ડટેક, કલોથટેક, જીઓટેક, હોમટેક, ઇન્ડટેક, મોબાઇલટેક, મેડિકલ ટેક્ષ્ટાઇલ્સ, પેકટેક, પ્રોટેક, ઇકોટેક અને સ્પોર્ટટેકની વિશ્વના જુદા–જુદા બજારોમાં રહેલી એક્ષ્પોર્ટ માટેની સંભાવના વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

સેમિનારમાં વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ જેવાં કે પાંડેસરા વિવર્સ કો–ઓપરેટીવ સોસાયટીના પ્રમુખ તેમજ ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતી, ચેમ્બરના જીએફઆરઆરસીના ચેરમેન ગિરધર ગોપાલ મુંદડા, સાસ્મીરાના પ્રમુખ મિહિર મહેતા, ફોગવાના પ્રમુખ અશોક જીરાવાલા, વોર્પ નીટિંગ એસોસીએશનના પ્રમુખ બ્રિજેશ ગોંડલિયા, વણકર સંઘના પ્રમુખ રજનિકાંત બચકાનીવાલા, કેટના ગુજરાત રિજનના પ્રમુખ પ્રમોદ ભગત, દિનેશ ઝવેરી, સરોજ પટની, દીપ પ્રકાશ અગ્રવાલ અને મયુર ગોળવાલાએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. અંતે સ્મીતા યેવલએ સેમિનારમાં ઉપસ્થિત તેમજ ઓનલાઇન જોડાયેલા સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.